RAN-3090

# RAN-3090

## T.Y.B.A. (Sem-VI) Examination

## October / November - 2019

## Gujarati Paper - XXII (B)

## (Apathit Unseen)

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

**નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.**
**Fill up strictly the details of ☛ signs on your answer book**

Name of the Examination:

☛ **T.Y.B.A. (Sem-VI)**

Name of the Subject :

☛ **Gujarati Paper - XXII (B) (Apathit Unseen)**

Subject Code No.: 3 0 9 0

Seat No.:

Student's Signature

**પ્ર. ૧. નીચેનાં પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ લખો. (ગમે તે પાંચ)** **૧૦**

૧) હરીન્દ્ર દવેનાં કાવ્યસંગ્રહોનાં નામ લખો.

૨) ગુજરાતી સાહિત્યનાં મૂર્ધન્ય કવિ ભગવતીકુમાર શર્માને કયા કયા પારિતોષિક મળ્યા છે? તે જણાવો?

૩) કવિ રમેશ પારેખે કાવ્યસર્જનમાં કયા સ્વરૂપમાં વિશિષ્ટ સર્જન કર્યું છે? તે લખો.

૪) કાવ્યનો આસ્વાદ કરાવતી વખતે કઈ બાબતો લક્ષમાં રાખવી જોઈએ?

૫) સન્નિધિકરણનો અર્થ સ્પષ્ટ કરો.

૬) આકાર એટલે શું? તે જણાવો.

૭) છંદમાં યતિનું શું મહત્ત્વ છે? તે લખો.

૮) હરિણી છંદનું ઉદાહરણ અને ગણનું બંધારણ લખો.

**પ્ર. ૨. કવિ સર્જકની કેફિયતને આધારે નીચે દર્શાવેલ કોઈપણ એક સર્જકની સર્જનપ્રક્રિયાનો પરિચય કરાવો.** **૧૩**

(૧) ઉમાશંકર જોશી

(૨) રાજેન્દ્ર શાહ

(૩) ચિનુ મોદી

**પ્ર. ૩. કાવ્યકૃતિનો આસ્વાદ કરાવો.** **૧૩**

''તાંબા લોટો ભરી તુલસીને પાણી પાયું ખરું કે?
જો જો પાછું ભૂલી નવ જતાં વ્યર્થ જંજાળ આડે?
રે'શે મારા તુલસી તરસ્યાં, પાંદડાં ઓસવાશે.
એકેયે ના પરણ ચૂંટજો જીવતું છોડવે થી.
કૂંડામાં જે ખરી-ગરી પડ્યાં હોય તે માત્ર લેજો,
રાજી રે'શે પ્રભુ, ઝળહળશે દીપ સૌભાગ્યનો યે.
નિત્યે માના મુખથી સ્ત્રવતા શબ્દ ભીના ભરેલા
વૃન્દા-વિષ્ણુ-પરિણય લિયે કાર્તિકે ધન્યતાથી.
ધ્રૂજે દીવો, અરવ કણસે ખંડ, લંબાય ઓળા,
મૂંગું મૂંગું ધસી રહ્યું કશું ભક્ષી લેવા પિતાને,
સૂતેલા જે ક્ષીણ થઈ, બધે ડૂસકા કૈં થીજેલાં
અર્ધા ખુલ્લા જનક મુખમાં કંપતે હાથ માતા
મૂકે લીલું પરણ તુલસીનું ભીડી હોઠ સૂકા,
આયુષ્યે જે ઉર સીંચી ઉછરેલ તે છોડ કેરું!''

- ભગવતીકુમાર શર્મા

**અથવા**

**ચાવીરૂપ સંજ્ઞાનો સોદાહરણ પરિચય કરાવો.**

(૧) પીઠઝબકાર

(૨) સૌંદર્યમૂલક અંતર

**પ્ર. ૪.(અ) શિખરિણી, સ્નગ્ધરા, શાર્દૂલવિક્રિડિત, ઝૂલણાં – પૈકી કોઈપણ બે છંદ ઉદાહરણ સહિત સમજાવો.** **૦૭**

**(બ) કોઈપણ બે નાં છંદ ઓળખાવી બંધારણ સમજાવો.** **૦૭**

(૧) ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ મારી ભુજા!
ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, ઓ ભુજા.

(૨) છાયા તો વડલા જેવી ભાવ તો નદના સમ
દેવોના ધામના જેવું હૈયું જાણે હિમાલય.

(૩) ખજૂરની કવિતા જો કહો તો હું લખી નાંખુ,
મજૂરની કવિતા તો મારાથી લખાય ના.

(૪) શશીકાંત મારા લગ્નની કંકોત્રી આ વાંચજો,
કંકુ નથી મુજ રક્તના છાંટા પડ્યા અવલોકજો.